ઘટના અને અર્થઘટન
સોનલ શુક્લ
feedback.ladki@bombaysamachar.com

સ્ત્રી ઘરનું કામ સંભાળે છે એટલે જ પુરુષ બહાર કમાવા જઈ શકે છે

એક કહેવત છે કે હાથી જીવતાં લાખનો અને મૂઆ પછી સવા લાખનો. જીવતાં તો સ્ત્રીના ઘરકામની કદર ઝાઝી થતી નથી. મુક્ત કે મફત જેવો શ્રમ કરનાર ગુલામ કે વેઠિયાને કોઈ મોભો હોતો નથી. સ્ત્રી ઘરમાં બેસે અને પુરુષ કમાવા જાય એવી ઉપલા વર્ગની માન્યતાને કારણે એ સમાજમાં સ્ત્રી કંઈ રોકડા કમાતી નથી. જો કે, એ સવારથી સાંજ એટલાં બધાં કામ કરે છે કે એ સઘળું કરવા માટે નોકર, રસોઈવાલા રાખો તો એના પગાર અને બગાડને મેળવીને મહિનાના હજારો રૂપિયા થાય. નોકરને કામ છોડી દઈ બીજું વધારે ફાવતું કે વધુ પગાર આપતું કામ શોધી લેવાની છૂટ છે, ગૃહિણીને નથી. જોકે, એના ઘરકામને લીધે જ છોકરાં સરખી રીતે ભણી શકે છે, વડીલો અને બીમારોને શુશ્રૂષી મળે છે અને પતિ ઘરે આવે ત્યારે એને ઘણું ખરું શાંતિ અને ગરમ રસોઈ મળે છે, એને ભાવતી હોય એવી, એના માબાપ અને બંનેનાં બાળકો સચવાઈ જાય છે, પહેરવાનાં કપડાં, ચાદર, તકિયાના કવર બધું સમયસર જાતે કે નોકરો દ્વારા ધોવડાવાઈ જાય છે. લોટ, અનાજ, દાળ, કઠોળ, ઘી-તેલ વગેરે સમયસર આવી જાય છે, ડબ્બા-બરણીઓમાં ભરાઈ જાય છે અને બગડે નહીં તેની તકેદારી લેવાઈ જાય છે, સંબંધીઓને મળવું, ફોન કરવા, બૅંકમાં જવું, શાળામાં વાલીઓની મિટિંગમાં જવું, છોકરાંનું લેસન લેવું વગેરે અનેક કામ પુરુષે જાતે કરવાનાં હોય તો એ ઝાઝી કમાણી ન કરી શકે. ક્રેમર વિ. ક્રેમર હોલીવૂડ ફિલ્મમાં કે એની નકલ જેવી અમીર ખાન અને મનીષા કોઈરાલાને ચમકાવતી ફિલ્મ 'મન'માં આવી સ્થિતિનું વર્ણન આવે છે, જ્યાં બાળઉછેર માટે પતિએ મોટા પગારની નોકરી છોડી દેવી પડે છે અને ઘરકામ વગેરેની જવાબદારી લેવી પડે છે, એની કરિયર ખાડામાં જાય છે. અર્થાત્ સ્ત્રી જે કામ ઘરમાં કરે છે તેથી જ પુરુષ કમાઈ શકે છે અને પરિવાર પ્રસન્ન અને પૈસેટકે ઠીકઠીક રહી શકે છે.

આ દેખીતી વાત ફરી એકવાર ઉઠાવવી પડે છે, કારણ કે જ્યારે ઉઠાવાય ત્યારે એની હાંસી થાય છે અને બધું સમેટાઈ જાય છે. હવે જ્યારે હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટ ચુકાદો આપે કે પતિનું ઑફિસ કામ જેટલું જ મૂલ્ય છે સ્ત્રીના ઘરકામનું . અને ખરેખર સ્ત્રીના કામને બિરદાવી તેની અક્ષરશઃ કિંમત કરી એના અકાળ મૃત્યુ બદલના વળતરમાં વધારો કરે એ આવકારદાયક ઘટના છે. મેં તો દ. ભારતની એક હાઈ કોર્ટના ચુકાદામાં આવા કેસની નોંધ જોયેલી પણ ત્યાર પછી મળેલી સામગ્રીમાં સુપ્રીમ કોર્ટના આદેશ તરીકેનો ઉલ્લેખ છે, કિસ્સો હતો એક સ્કૂટર અને કારના અકસ્માતનો. યાદ રાખવું પડે કે સંસદ કાયદો પસાર કરી બદલાવ ન કરે ત્યાં સુધી હાઈ કોર્ટ-સુપ્રીમ કોર્ટના ચુકાદા ત્યાર પછીના એ જ પ્રકારના કેસોમાં કાનૂનની જેમ જ સંદર્ભ તરીકે અપાય છે, બ્રિટનની કોર્ટના ચુકાદા સુધ્ધાં પેલા સ્કૂટરવાળા કિસ્સામાં ચુકાદો આપ્યો છે કે પત્નીના મોત બદલ પતિના મોત બદલ સગાંને અપાતી રકમ જેટલી જ રકમ એની પત્નીના મોત બદલ આપવી જોઈએ. ઑફિસે જતા પતિના બદલામાં ૩૩ લાખ વીસ હજારનું કોમ્પન્સેશન અપાયું તો પત્ની બદલ પણ ૧૧ લાખ વીસ હજાર નહીં પણ ૩૩ લાખ વીસ હજાર જેટલી જ રકમ આપવાની. જીવતે જીવત કોઈ પત્ની જાણતી હોય છે કે પોતાની કિંમત બરાબર પતિ જેટલી જ અંકાય? પતિના પગાર જેટલી જ એના ઘરકામની કિંમત છે એવું જ્ઞાન સર્વવ્યાપી બને તો દુનિયા બદલાય. રાજસ્થાની ગરીબ સ્ત્રીઓના એક સેલ્ફ હેલ્થ જૂથનાં ગાયન યાદ આવે છે, 'ચેત સકે તો ચેત જમાણો આયો ચેતણ રો... એક દો તો પહેલે ચેતી, કુછ નહીં ફરકો આયો, દોચાર કે ચેતસુ કુછ ઝણકારો પાયો, ગાવોં કી સબ મહિલા ચેતી ધરતી પલટો ખાયો, બહેના ચેત સકે તો ચેત...' કેલિફોર્નિયામાં તો લગ્ન પછી જે કાંઈ સંપત્તિ આવી, મૂડીરોકાણ થયું, ઘર લીધું એ બધાંમાં પતિપત્ની બંનેને એક સરખો ભાગ રહે. આવું અમેરિકામાં ઘણે ઠેકાણે હોવાથી ઘણુંખરું પતિની જબરદસ્ત કમાણી અને મૂડી હોય ત્યાં લગ્ન અગાઉનો કોન્ટ્રેક્ટ કરાય છે જેથી છૂટાછેડા થાય તો કોને કેટલું મળે.

વેજીસ ફોર હાઉસવર્ક, ઘરકામ માટેની રોજા કે પગાર માટેની એક બહુ મોટી ચળવળ થયેલી છે. કોઈ એવું કામ ન હોય જ્યાં તહેવારના દિવસે કે રવિવારે રજા ન હોય, પગાર ન હોય, કામ નિયમિત પણ હોય અને પાછા એકાએક આવી પડેલાં કામ હોય જેમ કે ઘરમાં કોઈ માંદું પડે, ઘણા મહેમાન આવી જાય વગેરે. કામના કલાકો સવારે છથી રાતે ગમે ત્યાં સુધી હોઈ શકે. એક નિવૃત્તિવેતન કે કાંઈ ન હોય એવું કામ કોઈ પાસે કરાવી શકાય? તો શું કરવું? આ કામ પણ એવું છે કે એ એકનું એક રોજેરોજ કરવાનું. મને એમ લાગે છે કે પગાર ચૂકવવાથી આપણે બજારુ મૂલ્યો ઘરમાં લાવીએ છીએ અને એમ ન કરીએ તો સ્ત્રીનાં કામની કદર નથી. બહુ બહુ તો મોઢેથી ક્યારેક વાહ વાહ થાય અથવા એ ઘરડી થાય ત્યારે એના દીકરાઓ પોતાની માતાએ શા શા ત્યાગ કર્યા તેની વાત કરે. શું દર મહિને એને અમુક દિવસ કાંઈ જ કામ ન કરે એવું ઘરનું સમયપત્રક બનાવવું? એને મોજમજા કરવા સમય આપવો? ઘરની સ્ત્રીનું કામ એકધારું હોય, એ ન થાય તો જ કોઈનું ધ્યાન જાય કે એ કામ કરતી હોય છે. તાજાં અથાણાં કેમ નથી એમ પૂછાય તો એ કબૂલાત છે કે સ્ત્રીએ જ વરસનાં અને તાજાં અથાણાં બનાવવાનાં કે બનાવડાવી લેવાનાં હોય છે, ઉનાળે મેથિયા ને છુંદો ને શિયાળે આંબા હળદરના કટકા લીંબુમાં જાળાં કે બાઝેલાં છે? અર્થાત્ જાળા પડાવવાનું કામ ઘરની સ્ત્રીનું છે. મેં એક વાર લખેલું કે મારા સાસુની રસોઈ બહુ જ સરસ. જરા ગોળસાકર વધારે નાખે પણ ને માત્ર મને ન ભાવે, ઘરે સૌ એથી ટેવાયેલાં દરેક વસ્તુ એટલી ચિવટથી, શાંતિથી ધીરેધીરે બનાવે અને હાથમાં એવો જાદુ કે રોસઈ હંમેશાં એ ગ્રેડની, પછી એ અડદિયો હોય કે દહીંવડા, ક્યારેક જ કાંઈ દર વખત લેવલ જેવું ન બન્યું હોય તો મારા સસરા રોકયા વિના ન રહે. એ ઊંચા લેવલના જમનાર ખરા સ્તો. ભજીયાબટેટાવડાને ''નાકકાન ન નીકળવા જોઈએ.'' રોટલી કે પૂરીમાં બંને પડ લગભગ સરખાં જ હોવા જોઈએ, નીચેનું જાડું નહીં. ઉપર એકે લાલ ટપકાં ન જોઈએ પણ એ કાચી પણ ન રહેવી જોઈએ. આવી અનેક એમની માગણીઓ, મારું કે નણંદ આમાં પહોંચી ન શકે. રોટલી કરી અમે છેલ્લે પાંચ લુવા જેટલો લોટ છોડી દઈએ. મારા સાસુ જ સાવ નાનકડી કાગળ જેવી રોટલી બનાવી સસરાને જમવા બેસાડે. એક વાર એમણે કાંઈક ટીકા કરી અને હું ત્યાં જ હતી. મેં કહ્યું ભાભી રોજરોજ કાંઈ ને કાંઈ અતિશય સરસ બનાવે છે ત્યારે તમે કાંઈ કહેતા નથી અને કાંઈક ના ગમે તો કેમ તરત જ કહો છો? એમણે ખૂબ આત્મવિશ્વાસ સાથે કહ્યું કે સારું થાય એમાં વળી શું કહેવાનું હોય! એ તો થવું જ જોઈએ. ન થાય તો જ કહેવું પડે. ટૂંકમાં ઘરકામ સારામાં સારું કરે તો પણ તે માટે કાંઈ ભાવ મળે, સ્ત્રી ખુશ થાય અને એથી એક સ્ફૂર્તિ કે ઉત્સાહ મળે એવું કાંઈ જરૂરી નહીં. મારા સસરા કાંઈ વિલન નહોતા. પિતૃસત્તાને બાંધણીએ એમને જે શીખવેલું તે માનતા હતા. ઘરકામની રોકડામાં કિંમત થઈ શકતી હોત તો મારા સાસુ કરોડપતિ થઈ ગયા હોત. એમને જ લીધે એમના દીકરા, દીકરી, પુત્રવધૂ અને પતિ કામ કરી શકતા હતા. કમાણી કરતા હતા કે આગળ ડિગ્રીઓ મેળવતા હતા.

વય આગળ વધી

અત્યાર લગી લાગતું હતું કે બે બાળકીથી માંડીને બોંતેર વર્ષની સ્ત્રી પર બળાત્કાર થતાં હોય છે, હવે એ આગળ વધી નેવું સુધી આવી છે. આ વયની સ્ત્રી પર બળાત્કાર થયો છે એવા સમાચાર આવ્યા છે. બળાત્કાર હંમેશાં ગરીબ, પછાત જ્ઞાતિ કે જનજાતિની કે કોઈ પણ રીતે અસહાય સ્ત્રી પર થાય છે. આ વય વધીને હવે નેવું વરસની સ્ત્રી સુધી બળાત્કારે પ્રવાસ કર્યો છે. જબરદસ્તી કરનાર કોઈ ભીલ આદિવાસી હોય કે કોઈ મંદિરનો પૂજારી, કામ ખૂન કે માર કાપથી થયું હોય કે તે વગર પણ સ્ત્રીની અવસ્થાનો લાભ લઈને કરાય છે. આ એક જ અઠવાડિયામાં કેટલાયે કિસ્સા બહાર આવ્યા છે. આ સમાચાર શું માત્ર મારા છાપામાં જ આવે છે કે બધામાં? હવે પછી કરીશું શું? ■

કથા કોલાજ (પાંચમા પાનાનું ચાલુ)

અધિકાર' પ્રગટ થઈ. બિરસા મુંડા નામના આદિવાસી નેતા દ્વારા જંગલને બચાવવા માટેના સંઘર્ષ ઉપર આધારિત આ નવલકથા ૧૮૯૦ની આસપાસ બ્રિટિશ રાજ હેઠળ કચડાતા આદિવાસીઓની કથા છે.

ઉલીહાટુ નામના ગામમાં ૧૮૭૫માં જન્મેલા આ મુંડા આદિવાસી જાતિના સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાને રાંચી સેન્ટ્રલ જેલમાં મારી નાખવામાં આવ્યો. એના જીવન પર આધારિત નવલકથાના અનેક ભાષામાં અનુવાદો થયા.

એ નવલકથા જ્યારે હિન્દી અને બીજી ભાષાઓમાં છપાઈ ત્યારે આદિવાસી જિલ્લામાં કામ કરનારા નાના-નાના કાર્યકરોએ એ નવલકથાના કેટલાક હિસ્સા આદિવાસીઓને વાંચી સંભળાવ્યા. એ વાંચીને, એના વિશે જાણીને બંગાળ, છત્તીસગઢ, બિહાર અને મધ્ય પ્રદેશના આદિવાસીઓ મારી પાસે આવવા લાગ્યા. એ પોતપોતાની વાતો, પોતાના વિસ્તારની કથાઓ અને સમસ્યાઓ લઈને મારી પાસે આવતા.

ધીમે ધીમે હું એમને સમજવા લાગી... એમની સમસ્યા, એમનો સંઘર્ષ અને એમની સાથે જોડાયેલો એમના જ વિસ્તારના લોકો દ્વારા થતો અન્યાય, સરકાર દ્વારા થતી અવગણના જાણે કે ધીમે ધીમે મારાં જ બની ગયાં... એ પછીના વર્ષોમાં મેં જે કંઈ લખ્યું, જે કંઈ કર્યું તે બધું જ આદિવાસી સમાજનો અવાજ શહેરમાં વસતા ભણેલા-ગણેલા અને આધુનિક જીવન જીવતા લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ બની રહ્યું.(ક્રમશઃ)■

પ્રાસંગિક (સાતમા પાનાનું ચાલુ)

અબ્દુલ્લા અને તેમની વન ઇન્ડિયા કાઇટ ટીમના સભ્યો આવ્યા. તેઓ કોઝિકોડેના બીચ પર પતંગ મહોત્સવ અંગે એક પ્રોગ્રામ કરી રહ્યા હતા. એમની સાથેની ઓળખાણ સાથે મિનીની પતંગોની દુનિયામાં ફરીથી એન્ટ્રી થઇ. અબ્દુલ્લાએ મિનીને પતંગ ઉડાવવાના ઉત્સાહીઓના વોટ્સએપ ગ્રુપમાં ઉમેરી. આ જૂથમાં મિની એકમાત્ર મહિલા હતી. મિનીને સમજાયું કે પતંગ ઉડાવવી એ ખાવાના ખેલ નથી. એ એક વિજ્ઞાન છે. કેટલીક પતંગ બનાવવાનો ખર્ચ એક લાખ રૂપિયા જેટલો પણ આવે છે. મિનીએ જોયું કે સ્પોર્ટ્સ પતંગ ઉડાવવામાં કોઇ મહિલા નથી. કદાચ બીચ પરનો આકરો તાપ મહિલાઓ સહન કરી શકતી નહોતી. વન ઇન્ડિયા કાઇટ ટીમ સાથે રહીને મિનીને પતંગ ઉડાવવા માટેની મહિલા ટીમ વિશે વિચાર આવ્યો અને એણે એ દિશામાં કાર્ય શરૂ કર્યું.

મિનીએ બે વર્ષ પહેલાં ગુજરાતમાં અમદાવાદના પતંગ મહોત્સવમાં પોતાની ઓલ વુમન ટીમ સાથે ભાગ લીધો. આ મહોત્સવમાં ભાગ લેવા ૩૦ દેશના લોકો આવ્યા હતા. મિનીની ઉત્તેજનાનો પાર નહોતો. કેરળ બહારનો આ તેનો પ્રથમ પ્રવાસ હતો. મિનીની આખી ટીમ ગણવેશમાં સજ્જ હતી. આ એક રોમાંચક અનુભવ હતો. જાણે તેઓ ઓલિમ્પિક્સમાં ભાગ લઇ રહ્યાં હોય એવી ફીલિંગ આવતી હતી. ત્યાં એને ઉત્કૃષ્ટ પતંગનો એવોર્ડ મળ્યો.

પતંગ ઉડાવવા માટે પવન બહુ જરૂરી છે. પવન ન હોય તો તમારો પતંગ ચગે નહીં. રાતના મિનીએ એલઇડી લાઇટ લગાવેલો પતંગ ચગાવ્યો. 'ઘણાને એમ લાગે છે કે આ પતંગ ઉડાવવાની સ્પર્ધા છે, પણ પતંગ મહોત્સવ એ કોઇ સ્પર્ધા નથી. અહીં તમારે કોઇ એવોર્ડ કે કપ જીતવાનો નથી. માત્ર મહોત્સવમાં ભાગ લો અને આનંદ મેળવો. દરેક દેશની ટીમ અહીં પોતાના સ્ટોલ લગાવે છે. કેટલાક લોકો લાખ રૂપિયાની કિમતના પતંગ વેચે છે,' એમ જણાવતાં મિની ઉમેરે છે કે અહીં આવીને પતંગ વિશેની મારી બધી જ માન્યતાઓ બદલાઇ ગઇ.

અમદાવાદની યાત્રાએ મિનીને એક નવી દિશા આપી અને કેરળ પરત ફરી મિનીએ ક્રીડા નામનું સ્ત્રીઓ માટેનું ફિટનેસ સેન્ટર ખોલ્યું અને રેડિયો જોકીની નોકરી છોડી દીધી. ત્યાર બાદ તેણે પતંગ બનાવતાં શીખવાનું નક્કી કર્યું. પોતાના પુત્ર સાથે એણે ગોવાના પતંગ મહોત્સવમાં ભાગ લીધો. આ મહોત્સવમાં માત્ર ત્રણ જ મહિલા હતી. વિદેશી કાઇટ ફ્લાયર્સની આ સ્પોર્ટ્સ પ્રત્યેની પ્રતિબદ્ધતા અજોડ છે. એ જાણે કે તેમના જીવનનો એક ભાગ છે, એમ મિની જણાવે છે.

'કેરળમાં પતંગ ઉત્સાહીઓ માટે ઘણી તક છે. અમારી પાસે વિશાળ સમુદ્ર તટ છે. તમે કોઇ પ્રોડક્ટ અથવા તમારી કંપનીની પ્રમોશનલ એક્ટિવિટી તરીકે પતંગ ઉડાવી શકો છો. વિદેશમાં તો પતંગ ઉડાવવાને જાહેરાતનો એક ભાગ જ ગણવામાં આવે છે,' એમ મિની જણાવે છે.

બાળકોમાં પતંગ ઉડાવવાની કળા લોકપ્રિય બને તે માટે મિની વર્કશોપ્સ પણ યોજે છે. મિનીનાં પતંગ ઉડાવવાનાં સાહસોમાં તેનો પુત્ર અને માતા પણ સાથ આપે છે. આશા રાખીએ કે ગુજરાતણો પણ આવી વિરાટકાય સ્પોર્ટ્સ પતંગ ઉડાવવાની ઇવેન્ટમાં ભાગ લે અને પતંગ ચગાવવામાં અવ્વલ ગુજરાતનું નામ આ ક્ષેત્રે પણ રોશન કરે. ■

'મુંબઇ સમાચાર'એ શરૂ કરેલા જ્ઞાન સાથે ગમ્મત આપતા ફનવર્લ્ડને વાચકોએ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો છે. તમારા ઉમંગ અને ઉત્સાહથી પ્રેરાઈને શરૂ કરેલા આ નવા ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.

પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઇ-મેઇલથી

સોમવાર સાંજે ૬:૦૦ સુધી

મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નીચે જણાવેલા મેઈલ પર મોકલવાના રહેશે.

funworld@bombaysamachar.com

જોડી જમાવો

રાજ્ય અને સાડી

A	B
૧. મહારાષ્ટ્ર	બનારસી
૨. ગુજરાત	સિલ્ક
૩. ઉત્તર પ્રદેશ	પટોળા
૪. મધ્ય પ્રદેશ	પૈઠણી
૫. તામિલનાડુ	ચંદેરી

હસી લઈએ

પત્નીએ આંગળીના ઇશારે પતિને બોલાવ્યો
પતિઃ શું કામ છે બોલ!
પત્નીઃ કાંઇ નહીં હું તો મારી આંગળીની તાકાત ચેક કરી રહી હતી.

આડાઅવળા સીધા કરો

દેશની મહિલા સમાજ સુધારકોના નામ

૧. કિ દી ણ ર બે
.....
૨. રું તિ અ રૉ ધ ય
.....
૩. ઇ શ રો લા મ ર્મિ
.....
૪. લ લ અ ક્ષ્મી ગ્રવા
.....
૫. મે પા ર ટ ધા ક
.....

ઓળખાણ પડી?

દેશભરમાં પ્રખ્યાત આ લેખિકા અને સમાજ સુધારકની ઓળખાણ પડી? કર્ણાટકમાં જન્મેલાં આ સમાજ સેવિકાએ ઇલેક્ટ્રોનિક એન્જિનિયરિંગ કર્યું હતું. રાજ્યમાં પ્રથમ આવતાં મુખ્ય પ્રધાને તેમનું રજત પદક આપીને સન્માન કર્યું હતું.

પકડદાવ

આપેલા શબ્દોમાંથી એક એક અક્ષર લઇને ૨૦૨૦માં કઇ મહિલા ગોલ્ફ પ્લેયરને અર્જુન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી એ તમારે જણાવવાનું છે.

શોખીન, દિપાલી, રતિ, જનક, અરીસો, અમૃતસર

ગીત ગાતા ચલ

વર્ષ ૧૯૬૧માં આવેલી ફિલ્મ 'હમ દોનો'નું ગીત 'અભી ના જાઓ છોડકર, કે દિલ અભી ભરા નહીં...' કઇ ગાયિકાએ ગાયું છે એ જણાવો.

ગયા ગુરુવારના જવાબ

★ ઓળખાણ પડી?: બચેન્દ્રી પાલ
★ પકડદાવઃ મુમતાઝ
★ ગીત ગાતા ચલઃ લતા મંગેશકર
★ આડાઅવળા સીધા કરોઃ
મહિલા ગાયિકાઓનાં નામ
૧) શ્રેયા ઘોષાલ, ૨) અલ્કા યાજ્ઞિક, ૩) સુનિધિ ચૌહાણ, ૪) નેહા કક્કર, ૫) આશા ભોસલે
★ જોડી જમાવોઃ
૧. દીપિકા પદુકોણ-અભિનેત્રી
૨. મિતાલી રાજ-ક્રિકેટ
૩. સુનિતા વિલિયમ્સ-અવકાશયાત્રી
૪. ચંદા કોચર-મહિલા ઉદ્યોગપતિ
૫.મમતા બેનર્જી-મહિલા રાજકારણી

ગયા વખતનો ઉકેલ

૧ અ	૨ સુ	૩ ર		૩ ખુ	૪ શ	નુ	૫ મા		૬ રા
	વિ		૭ નિ	શા	ની		૮ યા	૯ મિ	ની
૧૦ ખં	ધા	૧૧ ઈ		મ		૧૨ ક		લા	
તી		૧૩ જા	ગ્ર	ત		૫		૧૪ વ	ક
લું		જ			૧૫ ખ	ટ	૧૬ ૫	ટ	
	૧૭ દિ	ત	૧૮ વા	ર			રા		૧૯ સ્વ
૨૦ દ	વા		રિ		૨૧ આ	રં	ભ		ધા
	ક		જ		યો		૨૨ વ	૨૩ હે	મ
૨૪ ફા	ર	૨૫ સ		૨૬ ર	જ	ત		મં	
ળ		૨૭ દિ	લો	જ	ન		૨૮ જ	ત	ન

સુડોકુ-૪૦૯૮

૩	૬	૧	૪	૭	૮	૯	૨	૫
૨	૭	૯	૩	૫	૧	૪	૮	૬
૮	૫	૪	૬	૨	૯	૧	૩	૭
૧	૮	૫	૭	૯	૩	૨	૬	૪
૬	૪	૩	૧	૮	૨	૫	૭	૯
૭	૯	૨	૫	૪	૬	૩	૧	૮
૪	૧	૮	૯	૩	૭	૬	૫	૨
૯	૨	૬	૮	૧	૫	૭	૪	૩
૫	૩	૭	૨	૬	૪	૮	૯	૧

સુડોકુ-૪૦૯૯

૨			૩	૪	૧			૮
	૯		૫		૬		૩	
		૭		૨		૬		
૮			૬		૨			૯
		૧				૮		
૯			૪		૮			૧
		૩		૬		૯		
	૫		૨		૪		૮	
૪			૯	૮	૭			૩

શબ્દલાલિત્ય

કાન્તા વોરા

૧		૨	૩			૪			૫
		૬			૭				
				૮		૯			
૧૦	૧૧			૧૨					
	૧૩							૧૪	
૧૫					૧૬				
			૧૭					૧૮	૧૯
૨૦							૨૧		
			૨૨			૨૩			
૨૪					૨૫				

આડી ચાવી

૧. કમરબંધ (૫)
૪. નગાધિરાજ (૪)
૬. રજની (૨)
૭. ગરીબ, નિર્ધન (૨)
૯. પાર્વતી પતિ (૪)
૧૦. શઠ, ધૂર્ત, છેતરનાર (૨)
૧૨. મઠાધિકારી (૩)
૧૩. નગરનારી, ગણિકા (૪)
૧૪. નામ તેનો --- છે. (૨)
૧૫. મળસ્કું, પ્રભાત (૨)
૧૬. ઉપકાર, આભાર (૪)
૧૭. અનિલ (૩)
૧૮. અભિપ્રાય (૨)
૨૦. આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી (૪)
૨૨. --- વિના જ્ઞાન નહીં (૨)
૨૩. મન, મોતી ને --- તૂટ્યા પછી સંધાય નહીં (૨)
૨૪. પક્ષઘાત (૪)
૨૫. દુર્ભાગી (૫)

ઊભી ચાવી

૧. દાણાબજાર (૪)
૨. દરજી (૩)
૩. લખત, લેખ (૨)
૪. યુક્તપ્રયુક્તિ, પ્રપંચ (૪)
૫. સમય હોય તે પ્રમાણે (૫)
૮. કીર્તિ, પ્રતિષ્ઠા (૩)
૧૧. સાક્ષી, શાહેદી (૩)
૧૪. નાનાપણું, નીચાપણું (૩)
૧૫. પુસ્તકિયા જ જ્ઞાનવાળો (૫)
૧૬. જંગલ (૩)
૧૬. પ્રકૃતિનાં ત્રણ ગુણમાંનો એક ગુણ (૪)
૧૯. યુક્તિ (૪)
૨૧. નયન (૩)
૨૩. કાજ, કાર્ય (૨)

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

ફનવર્લ્ડમાં ઊમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોના નામ અહીં આપ્યા છે. અભિનંદન.

(૧) પ્રજ્ઞા પુરોહિત (૨) પ્રમોદ પુરોહિત (૩) કિશોરકુમાર વેદ (૪) મૂળરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) સુરેખા દેસાઈ (૭) ભારતી બુચ (૮) રસીક જુઠાણી - ટોરોંટો - કેનેડા (૯) શ્રદ્ધા આશર (૧૦) નીતિન બજરિયા (૧૧) હરીશ સુતરીયા (૧૨) પુષ્પા સુતરીયા (૧૩) પુષ્પા પટેલ (૧૪) નીતા દેસાઈ (૧૫) વિભા મહેશ્વરી (૧૬) લજિતા ખોના (૧૭) હર્ષા મહેતા (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) વર્ષા શ્રોફ (૨૨) કલ્પના આશર (૨૩) સતીષ કક્કડ (૨૪) દીપ્તી વોરા (૨૫) રાજુલ પટેલ (૨૬) શિલ્પા શ્રોફ (૨૭) ભાવિન જોષી (૨૮) મીનળ કાપડિયા (૨૯) અંજુ ટોલિયા (૩૦) ભાવના કર્વે (૩૧) દમયંતી નેગાંધી (૩૨) ભગવાનદાસ નેગાંધી (૩૩) નંદલાલ ગોઠી (૩૪) જ્યોત્સના શાહ (૩૫) દિલીપ પરીખ (૩૬) મનીષા શેઠ (૩૭) ફાલ્ગુની શેઠ (૩૮) ચંદ્રકાંત ત્રિવેદી (૩૯) અરવિંદ કામદાર (૪૦) અબ્દુલકરીમ હાર્ડવેરવાલા (૪૧) પ્રવીણ વોરા (૪૨) રવિન્દ્ર પાટડિયા (૪૩) દેવ્યાની દેસાઈ (૪૪) હર્ષા મહેતા (૪૫) ક્રિષ્ણકાંત સંજાણવાલા (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) હિના દલાલ (૪૯) જ્યોત્સના ગાંધી (૫૦) ડાયના સંતોકે (૫૧) જ્યોતિ ખાંડવાલા (૫૨) ભાવિન જોષી (૫૩) કોટડિયા રહીમ (૫૪) કાપીશ મોમાયા